# બિઝનેસ ચાલુ કરવાની કુશળતા હોવા છતાં ઉધોગ સાહસિકતામાં ઘટાડો થયો

Gujarat Samachar Online News| 23 December 2021|www.gujaratsamachar.com

==========================================================================




*કોરોનાને કારણે યુવાપેઢીમાં નિષ્ફળ જવાનો ડર વધ્યો, આન્ત્રેપ્રેન્યોર ડેવલપમેન્ટ ઇન્સ્ટિટયૂટે કરાવેલા સર્વેક્ષણમાં ઉધોગ સાહસિકતા અંગે રસપ્રદ હકીકતો બહાર આવી*

**અમદાવાદ, બુધવાર:** કોરોનાને કારણે બિઝનેસ કરવા માટે નવી તક નિર્માણ થઈ હોવાનું ૮૨ ટકા યુવાનો માનતા હોવા છતાંય ઉધોગના ક્ષેત્રમાં નવું સાહસ કરવાની યુવાનોની વૃત્તિમાં ઘટાડો થયો છે. ઉધોગના મોરચે સાહસ કરવાની ઇરાદો ધરાવનારાઓની સંખ્યા ૨૦૧૯-૨૦માં ૩૩.૩ ટકા હતી તે ૨૦૨૦-૨૧ના વર્ષમાં ૨૦.૩૧ ટકા થઇ ગઇ છે. જોકે આન્ત્રેપ્રેન્યોર ડેવલપમેન્ટ ઇન્સ્ટિટયૂટે ઉધોગ સાહસિકતા અંગે કરાવેલા સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે બિઝનેસ કરવાની નવી તક નિર્માણ કરવામાં ભારત વિશ્વના ૪૭ દેશોની યાદીમાં ત્રીજા ક્રમે છે. યુવાનોની ઉધોગ સાહસિકતા ઘટી હોવા છતાંય ૮૨ ટકા યુવાનો માને છે કે કોરોનાએ બિઝનેસ કરવા માટે નવી નવી તક પૂરી પાડી છે. આ તક હેલ્થકેર, એજ્યુટેક, ફિનટેક, અને બાયોટેકના સેકટરમાં ખાસ્સી આવી છે.

યુવાનો આરંભમાં જ બિઝનેસના મોરચે જંપલાવવાની સાહકિસતા ધરાવતા હતા. બીજા શબ્દોમાં કહીએ તો તેમને નોકરી કરવાને બદલે આરંભથી જ કોઈ ધંધો વ્યવસાય કરવાની ઇચ્છા હોય તેવા યુવાનોની ટકાવારી ૨૦૧૯-૨૦ના વર્ષમાં ૧૫ ટકા હતી તે ૨૦૨૦-૨૧ના વર્ષમાં ઘટીને ૫.૩૨ ટકા થઇ ગઈ છે. આમ સમગ્રતયા ઉધોગ સાહસિકતાની પ્રવૃત્તિ પર કોરોનાની મહામારીને પરિણામે નકારાત્મક અસર પડી છે. મહિલા ઉધોગ સાહસિકોએ તો નવા સાહસ કરવાની દિશામાં લગભગ માંડી વાળ્યું હોય તેવી સ્થિતિ નિર્માણ થઇ છે. મહિલા સાહસિકોના સાહસોમાં ૭૯ ટકા સુધીનો ઘટાડો થયો હોવાનું ઈડીઆઇના સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે. પુરુષ સાહસિકોએ સાહસ કરવામાં રસ ઓછો લીધો છે. આ મોરચે ૫૩ ટકાનો ઘટાડો જોવા મળી રહ્યો છે.

તેમનું કહેવું છે કે કોરોના પછી લોકોનો આત્મવિશ્વાસ વધવા માંડયો હતો, પરંતુ ફરીથી ઓમિક્રોનનો ભય હાવી થવા માંડયો હોવાથી તેની થોડી વિપરીત અસર આવી શકે છે. અન્યથા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની વધી રહેલી આવક પણ ભારતનું અર્થતંત્ર ફરીથી પાટે ચઢી રહ્યું હોવાનો નિર્દેશ આપી રહી છે. કોરોનાની મહામારીને કારણે અનેક પરિવારોની આવકમાં ઘટાડો થયો છે. ૪૪ ટકા યુવાનો માને છે કે કોરોના કાળમાં તેમના પરિવારની આવકમાં ઘટાડો થયો છે.

જીઇએમ-જેમ ઇન્ડિયાના ટીમ લીડર અને ઈડીઆઈના ડિરેક્ટર જનરલ સુનિલ શુક્લાનું કહેવું છે કે ઉધોગ સાહસિકતા માટે આર્થિક વૃધ્ધિનો દર એક ચાવીરૂપ પરિબળ છે. આર્થિક વૃધ્ધિનો દર સારો રહે તો રોજગારીની નવી નવી તક નિર્માણ થતી રહેવાની ખાસ્સી સંભાવના રહે છે. અત્યારે દેશના યુવાનોમાં ઉધોગ સાહસિકતાની માનસિકતા વિકસાવવાની જવાબદારી સરકારને માથે આવી ગઇ છે. જેમ ઇન્ડિયાના સર્વેક્ષણમાં ૩૩૧૭ પુખ્ત વયના નાગરિકોના મંતવ્યો લઈને પ્રસ્તુત તારણો કાઢવામાં આવ્યા છે.

https://www.gujaratsamachar.com/news/madhya-gujarat/business-acumen-is-there-but-youth-looses-entreprenuerial-spirit